દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

રવિવાર ૪ ઓક્ટોબર, ૨૦૨૬

# મૂળ ભારતીય પાયલોટ સ્મીતને હવે દુનિયાભરના લોકો હીરો તરીકે જુએ છે

ફ્લાય દુબઇની ફ્લાઇટ દુબઇથી તેલ અવીન જઇ રહી હતી તેમાં 174 મુસાફરો હતો અને છ ક્રુ મેમ્બર હતાં કોકપીટની વાત કરીએ તો તેમાં એક પાયલોટ મૂળ ગુજરાતના સ્મીત મચ્છર હતાં. જ્યારે કો-પાયલટ તરીકે ઓમાનના હમામ અલ હમ્માની હતાં. કો-પાયલટે વિમાનનો કબજો લેવા માટે પાયલટ પર હુમલો કરી દીધો પરંતુ તેની ચિંતા વગર પાયલટે કોકપીટનો દરવાજો ખોલી નાંખ્યો અને મુસાફરી કરી રહેલા એક ઇઝરાયેલના પાયલટે વિમાનની કમાન સંભાળી લીધી અને તમામનો બચાવ થઇ ગયો. આકાશમાં બનેલી આ ઘટના બાદ દુનિયાભરમાં મૂળ ભારતના પાયલટના વખાણ થઇ રહ્યાં છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કેપ્ટન સ્મીત મચ્છર એ સાચા અર્થમાં 'રિયલ લાઈફ હીરો' છે. અત્યંત સંકટના સમયે પોતાનો જીવ જોખમમાં મૂકીને અને ગંભીર ઈજા પામ્યા છતાં તેમણે જે અભૂતપૂર્વ ધૈર્ય અને પરાક્રમ દર્શાવીને ૧૮૦થી વધુ લોકોનો જીવ બચાવ્યો છે, તેના પર સમગ્ર દેશને ગર્વ છે. તો ઇઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ કહ્યું છે કે, ફ્લાઇટમાં ક્રેશની કોશિશ કરનાર સામે જે રીતે કેપ્ટન સ્મીત મચ્છરે મુકાબલો કર્યો તે એક અસાધારણ વીરતાપૂર્ણ કૃત્ય છે. તેમણે માત્ર વિમાનનું સક્ષમ લેન્ડિંગ જ નથી કરાવ્યું, પરંતુ એક મોટી વૈશ્વિક આતંકી અથવા અકસ્માતની હોનારતને ટાળી છે. સંયુક્ત અરબ અમિરાત (UAE) ના એવિએશન અને સરકારી અધિકારીઓ ફ્લાયદુબઈ પરિવાર પોતાના આ ભારતીય કેપ્ટન પર અત્યંત ગૌરવ અનુભવે છે. અતિશય માનસિક અને શારીરિક દબાણ હેઠળ પણ કટોકટી પ્રોટોકોલનું પાલન કરીને સુરક્ષિત ઈમરજન્સી લેન્ડિંગ કરાવવું એ તેમના ઉચ્ચ સ્તરના પ્રોફેશનલિઝમની સાબિતી છે તેવું મંતવ્ય વ્યક્ત કર્યું છે.

એવિએશન નિષ્ણાતો અને પાયલટ એસોસિએશન્સ, ઇન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (IATA) ના નિષ્ણાતો કહે છે કે, ૩૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ જ્યારે કોકપિટની અંદર આવી હિંસક પરિસ્થિતિ ઊભી થાય, ત્યારે વિમાનનું નિયંત્રણ જાળવી રાખવું ટેકનિકલ રીતે અત્યંત મુશ્કેલ હોય છે. કેપ્ટન સ્મીતે જે રિસ્પોન્સ ટાઈમ અને માનસિક સ્થિરતા દર્શાવી, તે વૈશ્વિક એવિએશન સેફ્ટી ટ્રેનિંગ માટે એક કેસ સ્ટડી બનશે. વૈશ્વિક પાયલટ સમુદાયનું માનવુ છે કે, એક પ્રોફેશનલ પાયલટ માટે મુસાફરોની સુરક્ષા સૌથી પહેલી અગ્રતા હોય છે. કેપ્ટન સ્મીત મચ્છરે લોહીલુહાણ સ્થિતિમાં પણ જોયસ્ટિક અને કન્ટ્રોલ પરથી પકડ ન છોડીને પાયલટ પ્રોફેશનના ઉચ્ચતમ આદર્શો પ્રસ્થાપિત કર્યા છે. તો ગ્લોબલ મીડિયા અને થિંક ટેન્ક્સનો દૃષ્ટિકોણ ઇન્ટરનેશનલ ન્યૂઝ એજન્સીઓ જેમાં CNN, BBC, Fox Newsનો સમાવેશ થાય છે તેઓ કહે છે કે, આ એક અદ્ભુત મિરાકલ (ચમત્કાર) અને સાહસની વાર્તા છે. ગંભીર રીતે ઘવાયેલા હોવા છતાં અને બોલવામાં તકલીફ પડતી હોવા છતાં પાયલટે પ્લેનનું લેન્ડિંગ સાઉદી અરેબિયામાં કરાવ્યું, આ ઇવેન્ટ બતાવે છે કે ભારતીય તાલીમ પામેલા એવિએશન પ્રોફેશનલ્સ વિષમ પરિસ્થિતિઓમાં પણ કેટલા સક્ષમ હોય છે. જોહાનિસબર્ગ અને મિડલ ઈસ્ટ ડિફેન્સ એનાલિસ્ટ્સ કહે છે કે, હાઈજેક કે ક્રેશના સંભવિત ખતરા વખતે અંકુશ જાળવી રાખવો અને સેકન્ડોની અંદર યોગ્ય નિર્ણયો લેવા એ કેપ્ટન સ્મીતના ૧૩ વર્ષના અનુભવ અને ૯,૭૦૦થી વધુ ઉડાન કલાકોની પરિપક્વતા દર્શાવે છે. ફ્લાઇટ FZ1073 ના મુસાફરો કહે છે કે, અમારા માટે કેપ્ટન સ્મીત મચ્છર સાક્ષાત્ ભગવાન સમાન છે. આકાશમાં જ્યારે ચારેય તરફ ડરનું વાતાવરણ હતું, ત્યારે તેમણે પોતાનો જીવ જોખમમાં મૂકીને અમારા ૧૭૪ લોકોના પરિવારોને વિખેરાઇ જતા બચાવી લીધા. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ પુષ્ટિ કરી છે કે હુમલો કરનાર ઓમાનના સહ-પાઈલટ (હમામ અલ-હમ્મામી)નું પ્રાથમિક બેકગ્રાઉન્ડ તપાસતા તે 'ઈસ્લામિક કટ્ટરપંથી વિચારધારા' (Islamic radical indoctrination) ધરાવતો હતો.

## ઉતાવળ ન કરો

એક ચીની કહેવત છે જેનો અર્થ 'ધીમી નદી ઊંડી વહે છે.' એક યુવાનને જીવનમાં ઝડપથી સફળ થવું હતું. તે ગામના એક અનુભવી સફળ વૃદ્ધ પાસે ગયો અને તેમને કહેવા લાગ્યો 'તમે આપણા ગામના સૌથી સફળ વ્યક્તિ છો. મારે જીવનમાં ઝડપથી સફળ બનવું છે. તો મને રસ્તો બતાવો.'

વૃદ્ધ હસ્યા અને પોતાના બગીચામાંથી તેને એક છોડ આપ્યો અને કહ્યું, 'હું તને સફળતાનો રસ્તો બતાવીશ પણ તે પહેલાં એક નાની કસોટી છે. તું આ છોડની જાળવણી કરીને બતાવ. તેનો ઉછેર કરીને મોટો છોડ કરીને દેખાડ પછી હું તને રસ્તો દેખાડીશ.'

યુવાને કહ્યું, 'ભલે, હું આ છોડનું ધ્યાન રાખીશ. મને કહો, છોડ કેટલા દિવસમાં મોટો થશે?'

વૃદ્ધે કહ્યું, 'મને ખબર નથી.' યુવાનને આ જવાબ ગમ્યો નહીં. તે છોડ લઈને ઘરે ગયો અને મોટા કુંડામાં વાવ્યો. તેણે બીજા દિવસે વધારે પાણી નાખ્યું. ત્રીજા દિવસે ખાતર વધારે નાખ્યું પણ છોડ તો જેવો અને જેટલો હતો તેટલો જ હતો. મોટો થતો ન હતો.

યુવાને હજી વધુ પાણી નાખ્યું.દિવસમાં બે વાર નાખ્યું. વધુ ખાતર નાખ્યું પણ છોડનાં પાન પીળાં પડવા લાગ્યાં.યુવાને દવા છાંટી પણ એક અઠવાડિયામાં છોડ સુકાઈ ગયો.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

તે ગુસ્સે થઈને વૃદ્ધ પાસે ગયો અને બોલ્યો, 'તમે કેવો છોડ આપ્યો હતો, મેં કેટલી બધી જાળવણી રાખી છતાં તમારો છોડ મરી ગયો.' વૃદ્ધે શાંતિથી કહ્યું, 'શું જાળવણી કરી હતી કહે.' યુવાને પોતે છોડને મોટા કૂંડામાં વાવ્યો. બે બે વાર પાણી આપ્યું.ભરપૂર ખાતર આપ્યું. દવા પણ છાંટી બધી વાત કરી. વૃદ્ધ બધું સાંભળતા રહ્યા અને પછી બોલ્યા, 'મેં તો તને નાનો સ્વસ્થ છોડ જ આપ્યો હતો. છોડને વધુ ઝડપથી મોટો કરવાની તારી ઉતાવળે છોડને મારી નાખ્યો.' યુવાન બોલ્યો, 'મારી ઉતાવળ શું? મેં તો વધુ સારી જાળવણી કરી શું તે મારી ભૂલ હતી.' વૃદ્ધ બોલ્યા, 'છોડ નાનકડો હતો, તે ધીમે ધીમે પોતાની ગતિ પ્રમાણે વૃદ્ધિ પામે.વધુ પાણી આપવાથી, વધુ ખાતર નાખવાથી કંઈ તે વધુ ઝડપથી વધવા ન માંડે. ઊલટું વધુ પાણી અને ખાતર નુકસાન કરે અને તેવું જ થયું. છોડ વૃદ્ધિ પામવાને સ્થાને મરી ગયો અને જીવનમાં પણ આ જ નિયમ છે. સફળતા અને પ્રગતિ કંઈ પળવારમાં ન મળે. તેને ઝડપથી મેળવવાનો કોઈ રસ્તો કે રહસ્ય કે જાદુ નથી. સતત મહેનત અને પ્રયત્નોથી સમય આવ્યે સફળતા મળે છે. તેને માટે ધીમે ધીમે ઉતાવળ કર્યા વિના ધીરજથી કામ કરતા રહેવું જોઈએ.' યુવાને એ દિવસથી પોતાની રીત બદલી. તે ઝડપથી નહીં, ધીરજ રાખી સતત કામ કરવા લાગ્યો.

# મક્કા સંરક્ષણ કરાર: પાકિસ્તાન-સાઉદી અરેબિયા-તુર્કી નજીક આવ્યા, ભારત માટે શું બદલાયું?

વર્લ્ડ વૉચ

ડૉ. જયનારાયણ વ્યાસ

૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ મક્કામાં સાઉદી અરેબિયા, પાકિસ્તાન અને તુર્કી વચ્ચે થયેલો સંયુક્ત સંરક્ષણ કરાર પશ્ચિમ એશિયાના બદલાતા ભૂરાજકીય સમીકરણનું મહત્ત્વપૂર્ણ ઉદાહરણ છે. કરારની મુખ્ય જોગવાઈ મુજબ ત્રણમાંથી કોઈ એક દેશ પર સશસ્ત્ર હુમલો થાય તો તેને ત્રણેય દેશો પરનો હુમલો માનવામાં આવશે. ત્રણેય દેશોએ સુરક્ષા, સંરક્ષણ અને સૈન્ય સહકાર વધારવાની દિશામાં સંમતિ વ્યક્ત કરી છે. જો કે, આ કરારને તરત જ નાટો જેવા લશ્કરી ગઠબંધન તરીકે જોવું યોગ્ય નહીં હોય. તુર્કીએ પણ સ્પષ્ટ કર્યું છે કે આ કરાર કોઈ ચોક્કસ દેશ સામે નિર્દેશિત નથી. તેમ છતાં, પશ્ચિમ એશિયામાં સુરક્ષાના નવા સમીકરણની શરૂઆત તરીકે તેને ગંભીરતાથી જોવામાં આવી રહ્યો છે.

પાકિસ્તાન માટે આ કરારનું મહત્ત્વ વિશેષ છે. પરમાણુક્ષમતા ધરાવતું પાકિસ્તાન હવે પશ્ચિમ એશિયાની સુરક્ષા વ્યવસ્થામાં વધુ સત્તાવાર ભૂમિકા મેળવી શકે છે. સાઉદી અરેબિયા માટે પાકિસ્તાનનો લશ્કરી અનુભવ અને માનવબળ ઉપયોગી છે, જ્યારે તુર્કી પાસે વિકસતી સંરક્ષણ તકનીક અને મજબૂત સંરક્ષણ ઉદ્યોગ છે. આ બંને ક્ષમતાઓ સાઉદી અરેબિયાની સુરક્ષા જરૂરિયાતોને પૂરક બની શકે છે. બીજી તરફ, તુર્કી માટે આ કરાર પશ્ચિમ એશિયામાં પોતાની વ્યૂહાત્મક હાજરી વધારવાનું એક માધ્યમ બની શકે છે. જો આવનારા સમયમાં સંયુક્ત સૈન્ય અભ્યાસ, ગુપ્તચર સહકાર અને સંરક્ષણ તકનીકનું સંયુક્ત ઉત્પાદન વધે, તો આ કરારનું વાસ્તવિક મહત્ત્વ વધુ સ્પષ્ટ થશે.

**કરારની મુખ્ય જોગવાઈ મુજબ ત્રણમાંથી કોઈ એક દેશ પર સશસ્ત્ર હુમલો થાય તો તેને ત્રણેય દેશો પરનો હુમલો માનવામાં આવશે**

પરંતુ ભારત માટે સૌથી મહત્ત્વપૂર્ણ પ્રશ્ન સાઉદી અરેબિયા સાથેના પોતાના સંબંધોનો છે. ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે છેલ્લાં કેટલાંક વર્ષોમાં વેપાર, ઊર્જા, રોકાણ અને સુરક્ષા ક્ષેત્રે સંબંધો નોંધપાત્ર રીતે વધ્યા છે. ૨૦૨૪-૨૫માં બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર આશરે ૪૨ અબજ અમેરિકન ડોલર રહ્યો હતો. ભારત માટે સાઉદી અરેબિયા ક્રૂડ તેલ, એલપીજી અને ખાતર જેવાં મહત્ત્વપૂર્ણ ઉત્પાદનોનો પુરવઠાકર્તા છે, જ્યારે સાઉદી અરેબિયા માટે ભારત વિશાળ બજાર, કુશળ માનવબળ અને રોકાણની તકો ધરાવતો દેશ છે. તેથી પાકિસ્તાન સાથે સાઉદી અરેબિયાની વધતી સંરક્ષણ ભાગીદારીને કારણે ભારત-સાઉદી સંબંધો આપોઆપ નબળા પડશે એવું માનવું યોગ્ય નથી.

ગુજરાતના સંદર્ભમાં આ મુદ્દો વધુ રસપ્રદ બને છે. જામનગર વિશ્વના મહત્ત્વપૂર્ણ રિફાઈનિંગ અને પેટ્રોકેમિકલ કેન્દ્રોમાંનું એક છે અને ગુજરાતની ઊર્જા તથા ઔદ્યોગિક અર્થવ્યવસ્થા પશ્ચિમ એશિયાના ક્રૂડ તેલના પુરવઠા સાથે ઊંડે જોડાયેલી છે. સાઉદી અરેબિયા ભારતની ઊર્જા સુરક્ષામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેથી પશ્ચિમ એશિયામાં કોઈ મોટું સુરક્ષા સંકટ ઊભું થાય તો તેની અસર માત્ર લશ્કરી ક્ષેત્ર સુધી મર્યાદિત રહેતી નથી; ક્રૂડ તેલના ભાવ, પરિવહન ખર્ચ, પેટ્રોકેમિકલ ઉદ્યોગ અને અંતે સામાન્ય ગ્રાહક સુધી તેની અસર પહોંચી શકે છે.

આ સમગ્ર સમીકરણમાં ઈરાનની ભૂમિકા પણ ભારત માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ભારત અને ઈરાન વચ્ચે ચાબહાર બંદર તથા મધ્ય એશિયા સુધીના વેપાર માર્ગોને લઈને વ્યૂહાત્મક સહકાર છે. બીજી તરફ, ભારતના સાઉદી અરેબિયા સાથે ઊર્જા અને રોકાણના ઊંડા સંબંધો છે. તેથી ભારતે પશ્ચિમ એશિયામાં એક દેશની તરફેણમાં બીજા દેશથી દૂર જવાને બદલે બંને સાથે પોતાનાં રાષ્ટ્રીય હિતો જાળવી રાખવાની કૂટનીતિ ચાલુ રાખવી પડશે. આજની બહુધ્રુવીય દુનિયામાં દેશો એક જ મિત્ર અથવા એક જ ગઠબંધન પર આધારિત રહેતા નથી. તેઓ અલગ-અલગ ક્ષેત્રોમાં અલગ-અલગ દેશો સાથે પોતાના હિત પ્રમાણે સહકાર કરે છે. અમેરિકાની પરંપરાગત સુરક્ષા ભૂમિકા હોવા છતાં સાઉદી અરેબિયા પાકિસ્તાન અને તુર્કી જેવા દેશો સાથે પણ પોતાની સુરક્ષા ભાગીદારી વધારી રહ્યું છે. આથી ભારત માટે પણ સંદેશ સ્પષ્ટ છે કે પશ્ચિમ એશિયામાં બદલાતા શક્તિ સંતુલનને સતત નજીકથી જોવું પડશે.

ભારતે આ સંદર્ભમાં પોતાની સુરક્ષા નીતિ મજબૂત રાખવી પડશે, સાથે સાઉદી અરેબિયા, ઈરાન, અમેરિકા અને અન્ય ગલ્ફ દેશો સાથે પોતાના આર્થિક અને વ્યૂહાત્મક સંબંધોને પણ સંતુલિત રાખવા પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ગાંધીજીનું સ્વરાજ અને આજના ભારતમાં તેની પ્રાસંગિકતા

સમયાંતર

રામચંદ્ર ગુહા

મહાત્મા ગાંધીએ તેમના જીવનના છેલ્લા ત્રણ દાયકા દેશને બ્રિટિશ સંસ્થાનવાદી શાસનથી મુક્ત કરાવવા માટે લડતમાં વિતાવ્યા હતા. આ સમય દરમિયાન સ્વતંત્ર ભારત કેવું હોવું જોઈએ તે વિશે તેમણે ભાગ્યે જ કંઈ લખ્યું કે બોલ્યું હતું. જોકે, માર્ચ 1922માં તેમણે સ્વરાજની એક ટૂંકી અને સચોટ વ્યાખ્યા આપી હતી જે આજે પણ પુનઃવિચાર કરવા યોગ્ય છે. તેમણે કહ્યું હતું:

'અસ્પૃશ્યતાનું નિવારણ, ખાદીનું ઉત્પાદન, હિન્દુ-મુસ્લિમ એકતા, અહિંસાની સાધના એ કોઈ કામચલાઉ પગલાં નથી. તે એવા ચાર સ્તંભો છે જેના પર સ્વરાજની ઈમારત હંમેશાં ટકી રહેશે. તેમાંથી કોઈપણ એકને હટાવી દો અને તે કડડભૂસ થઈને પડી જશે.'

આ નિવેદનનું વિશ્લેષણ કરીએ અને તેના ચાર તત્ત્વોમાંથી દરેકમાં ઊંડાણપૂર્વક ઉતરીએ. આપણે 'અસ્પૃશ્યતાના નિવારણ'ને વધુ વ્યાપક અર્થમાં સામાજિક ન્યાયની શોધ તરીકે સમજી શકીએ છીએ, જેમાં સ્વાભાવિક રીતે જ માત્ર જાતિગત અસામાનતા જ નહીં, પરંતુ લિંગ આધારિત અસમાનતાઓને દૂર કરવાનો પણ સમાવેશ થાય છે. કોંગ્રેસના અન્ય સવર્ણ નેતાઓ - નહેરુ, પટેલ, બોઝ વગેરેથી વિપરીત - ગાંધીજી સારી પેઠે જાણતા હતા કે, અસ્પૃશ્યતાનું અસ્તિત્વ સ્વતંત્રતા માટેના ભારતના દાવાને કેવી રીતે નબળો પાડે છે. તેથી જ તેમણે તેને 'પાપ' ગણાવ્યું હતું અને જેઓ તેને અનુસરે છે તેમને 'હિન્દુત્વના ડાયર' કહ્યા હતા. જોકે, ગાંધીજીએ મહિલાઓની આઝાદી પર પણ પૂરતું ધ્યાન આપ્યું હતું. 1917માં એક ભાષણમાં તેમણે જણાવ્યું હતું કેઃ 'સ્ત્રી એ પુરુષની સહચરી છે, જે સમાન માનસિક ક્ષમતાઓથી સજ્જ છે. તેને પુરુષની પ્રવૃત્તિઓની અતિસૂક્ષ્મ વિગતોમાં પણ ભાગ લેવાનો અધિકાર છે અને તેને પુરુષોની જેમ જ સ્વતંત્રતાનો સમાન અધિકાર છે.' ત્યાર બાદના દાયકાઓમાં ગાંધીજીના નેતૃત્વમાં બ્રિટિશ રાજ સામેના સત્યાગ્રહોમાં મહિલાઓએ નિર્ણાયક ભૂમિકા ભજવી હતી.

ગાંધીજીના સામાજિક સુધારણા એજન્ડાની પોતાની મર્યાદાઓ હતી. તેમણે જે 'હરિજન' શબ્દ પ્રચલિત કર્યો હતો તેમાં એક પ્રકારનો ઉપરથી નીચે તરફ 'દયાભાવ' ઝળહળતો હતો અને હવે તેની જગ્યાએ સમજદારીપૂર્વક 'દલિત' શબ્દ વાપરવામાં આવે છે. અને ઔપચારિક અર્થતંત્રમાં મહિલાઓની ભાગીદારી બાબતે તેઓ થોડા દ્વિધામાં પણ રહ્યા હતા. તેમ છતાં, જાતિ અને લિંગ ભેદભાવ પ્રત્યેની તેમની સજાગતામાં તેઓ તેમના સમયના લગભગ અન્ય તમામ રાષ્ટ્રવાદીઓ કરતાં ઘણા આગળ હતા.

હવે હું ગાંધીજીના 'ખાદીના ઉત્પાદન' ને પ્રોત્સાહન આપવાના આહ્વાન પર આવું છું. તે સમયે અને ત્યાર બાદ પણ, આને આધુનિક ઔદ્યોગિક અર્થવ્યવસ્થા કે જે આર્થિક વિકાસને શક્ય બનાવે છે તેનો અસ્વીકાર ગણવામાં આવ્યો છે. આમ છતાં, જેમ હવે વધુ ને વધુ સ્પષ્ટ થઈ રહ્યું છે કે, ભારતમાં હાલમાં અનુસરવામાં આવતા આર્થિક માર્ગની પોતાની સમસ્યાઓ છે - જેમ કે, સંપત્તિનું કેન્દ્રીકરણ, મોટા ભાગની વસ્તી માટે લાયક અને અર્થપૂર્ણ રોજગારી ઊભી કરવામાં નિષ્ફળતા અને પર્યાવરણનો વિનાશ. અહીં ગાંધીજીના આર્થિક વિચારો આજે પણ કેટલાક અંશે પ્રાસંગિક હોઈ શકે છે. તેમના ખાદી અભિયાને શ્રમની ગરિમા તેમજ સ્થાનિક સ્વ-નિર્ભરતા પર ભાર મૂક્યો હતો. વધુમાં, તેમણે પ્રકૃતિ અને કુદરતી સંસાધનોના વિવેકપૂર્ણ ઉપયોગના મહત્ત્વ વિશે વારંવાર લખ્યું હતું. ઘણી બાબતોમાં ગાંધીજી એક પ્રખર પર્યાવરણવાદી હતા, જેના વિચારો આપણી હવા, પાણી અને માટીના બગાડને ઉલટાવવામાં તેમ જ આબોહવા પરિવર્તનના પડકારનો સામનો કરવામાં આપણને મદદ કરી શકે છે.

હવે ગાંધીજીના સ્વરાજના ત્રીજા સ્તંભ પર વિચાર કરીએ. ગાંધીજી 'હિન્દુ-મુસ્લિમ એકતા' ના મહત્ત્વ સુધી મોટા ભાગે પ્રવાસી તરીકે વિદેશમાં વિતાવેલા સમય દરમિયાન પહોંચ્યા હતા. જો તેઓ મૂળ યોજના મુજબ બોમ્બે (મુંબઈ)માં સફળ વકીલાતની પ્રેક્ટિસ સ્થાપિત કરી શક્યા હોત તો તેમના અસીલો અને મિત્રો મોટા ભાગે અથવા બધા જ હિન્દુઓ હોત. જેમ બન્યું તેમ, તેઓ બોમ્બે અને રાજકોટ બંને જગ્યાએ વકીલ તરીકે નિષ્ફળ રહ્યા અને પછી બે ગુજરાતી મુસ્લિમ વેપારીઓ વચ્ચેનો વિવાદ ઉકેલવા ડરબન ગયા. ત્યાર બાદ જ્યારે તેઓ એક સામાજિક કાર્યકર્તા બન્યા ત્યારે તેમને જણાયું કે પારસીઓ, મુસ્લિમો અને તમિલો તેમના સૌથી નિષ્ઠાવાન સમર્થકોમાં સામેલ હતા. આનાથી તેમને મજબૂત રાષ્ટ્રવાદના નિર્માણમાં ધાર્મિક તેમજ ભાષાકીય બહુલતાના મહત્ત્વનો ખ્યાલ આવ્યો.

નવેમ્બર 1908માં જોહાનિસબર્ગની જેલમાંથી એક સંદેશમાં ગાંધીજીએ લખ્યું હતું કે, દક્ષિણ આફ્રિકાના શ્વેત શાસકો વિરુદ્ધનું ભારતીય અભિયાન 'હિન્દુઓ, મુસ્લિમો, પારસીઓ, ખ્રિસ્તીઓ, બંગાળીઓ, મદ્રાસીઓ, ગુજરાતીઓ, પંજાબીઓ અને અન્યો વચ્ચે કોઈ ભેદભાવ કરતું નથી. આપણે બધા ભારતીયો છીએ અને ભારત માટે લડી રહ્યા છીએ.' તેના આગલા મહિને જેલમાંથી મુક્ત થયા પછી ગાંધીજીએ જોહાનિસબર્ગમાં ભારતીયોની એક સભાને જણાવ્યું હતું કે, 'જો બંને આંખો, હિન્દુઓ અને મુસ્લિમો સુરક્ષિત રહેશે તો તમે સમૃદ્ધ થશો... જો બંને સમુદાયો એકતામાં રહેશે, તો તમે ભારતના માલિક પણ બનશો.'

ગાંધીજીએ આ માન્યતાઓને ભારતમાં પોતાના કાર્યમાં આગળ ધપાવી. જોકે, અલગ-અલગ ધર્મો વચ્ચે સૌહાર્દને પ્રોત્સાહન આપવા માટે તેમણે જે કંઈ કર્યું તેમ છતાં, તેઓ ઉપખંડના વિભાજનને અટકાવવામાં નિષ્ફળ રહ્યા. તેમ છતાં, ઓગસ્ટ 1947 પછી ભારતમાં રહેલા મુસ્લિમો સાથે સમાન નાગરિકો જેવો વ્યવહાર થાય તે સુનિશ્ચિત કરવા માટે તેઓ મક્કમ હતા. તેમણે સપ્ટેમ્બર 1947માં કલકત્તામાં અને જાન્યુઆરી 1948માં નવી દિલ્હીમાં લઘુમતીઓના અધિકારોના રક્ષણ માટે ઉપવાસ કર્યા હતા. આ બંને ઉપવાસની વચ્ચે 15 નવેમ્બર 1947ના રોજ અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિને આપેલા એક ભાષણમાં તેમણે તેના સભ્યોને કહ્યું કે, તેઓ 'કોંગ્રેસના મૂળભૂત સ્વભાવ પ્રત્યે વફાદાર રહે અને હિન્દુઓ અને મુસ્લિમોને એક કરે, જે આદર્શ માટે કોંગ્રેસે સાઠ વર્ષથી વધુ સમય સુધી કામ કર્યું છે.'

હિન્દુ-મુસ્લિમ એકતા પ્રત્યેની આ પ્રતિબદ્ધતાની કિંમત ગાંધીજીએ પોતાના જીવનના ભોગે ચૂકવવી પડી હતી. જ્યારે તેમનો હત્યારો નાથુરામ ગોડસે ટ્રાયલ પર ગયો ત્યારે તેની કાર્યવાહીનું નજીકથી નિરીક્ષણ કરનારાઓમાં બોમ્બેના સંપાદક ડી. એફ. કારાકા પણ હતા. ઓક્ટોબર 1949માં 'ધ કરન્ટ'માં પ્રકાશિત એક લેખમાં કારાકાએ લખ્યું હતુંઃ 'લાલ કિલ્લાના પરિસરમાં ચાલેલી લાંબી કાનૂની કાર્યવાહી દરમિયાન એ સ્પષ્ટ થઈ ગયું હતું કે, ગોડસે કોઈ પાગલ માણસ ન હતો. તે એક શાંત, ગણતરીબાજ રાજકીય ખેલાડી હતો, જે આર. એસ. એસ.માં કટ્ટર વિશ્વાસ રાખતો હતો. સંઘના હેતુને આગળ વધારવા માટે જ ગોડસેએ એવા માણસને રસ્તા પરથી હટાવ્યો જે આર. એસ. એસ. ના માર્ગમાં ઊભો હતો... તેથી, ગોડસે દ્વારા સમજવામાં આવેલી આર. એસ. એસ.ની વિચારધારા જ હિમાલયથી કન્યાકુમારી સુધી પ્રભાવ ધરાવનાર અને બિનસાંપ્રદાયિક, સ્વતંત્ર રાજ્યના વિચાર માટે શ્વાસ લેનાર, જીવનાર અને પોતાનું જીવન સમર્પિત કરનાર વ્યક્તિને ભારતીય રંગમંચ પરથી હટાવવા માટે જવાબદાર હતી.'

અને હવે છેલ્લે, ગાંધીજીના છેલ્લા સ્તંભ એટલે કે 'અહિંસાની સાધના' પર આવીએ. હિન્દુ-મુસ્લિમ એકતાની જેમ જ ગાંધીજી આ નિષ્કર્ષ પર તેમની જાહેર કારકિર્દીની શરૂઆતમાં જ આવ્યા હતા અને જીવનના અંત સુધી તેને વળગી રહ્યા હતા. 1909ના ઉનાળામાં ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં ભારતીયોના અધિકારો માટે લોબિંગ કરવા લંડન ગયા હતા. તેઓ પહોંચ્યાના થોડા સમય પહેલાં એક યુવાન ભારતીય દ્વારા એક ટી-પાર્ટીમાં એક બ્રિટિશ અધિકારીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ કૃત્યથી ગાંધીજી ખૂબ જ આઘાત પામ્યા હતા અને તેમણે લખ્યુંઃ 'જો આવા હત્યાત્મક કૃત્યોના પરિણામે અંગ્રેજો ચાલ્યા પણ જાય તો તેમની જગ્યાએ શાસન કોણ કરશે? આનો એક જ જવાબ છેઃ હત્યારાઓ... ભારતને હત્યારાઓના શાસનથી કશું મળી શકે તેમ નથી-ભલે તેઓ કાળા હોય કે ગોરા.'

**પુરુષની પ્રવૃત્તિઓની અતિસૂક્ષ્મ વિગતોમાં પણ ભાગ લેવાનો અધિકાર છે અને તેને પુરુષોની જેમ જ સ્વતંત્રતાનો સમાન અધિકાર છે**

વીસ વર્ષ પછી, ભારતમાં ખુદ ગાંધીજીનો સામનો 'બોમ્બની સંસ્કૃતિ' સાથે થયો, જે યુવાન ક્રાંતિકારીઓ અપનાવતા હતા. તેઓનું માનવું હતું કે, શ્વેત ચામડીવાળા અધિકારીઓની હત્યા જ અંગ્રેજોને ભારતમાંથી બહાર કાઢવાનો શ્રેષ્ઠ, સૌથી ઝડપી અને ખરેખર એકમાત્ર રસ્તો છે. ગાંધીજીએ 'ભારતના યુવાનો'ને કહ્યું કે, ' કોઈ રાષ્ટ્રની સ્વતંત્રતા એકલદોકલ વીરતાનાં કૃત્યોથી જીતી શકાતી નથી.' તેના બદલે, 'સ્વતંત્રતાના મંદિર માટે હજારો યુવાનો અને વૃદ્ધ પુરુષો અને સ્ત્રીઓના ધીરજપૂર્વક, બુદ્ધિશાળી અને રચનાત્મક પ્રયાસોની જરૂર હોય છે.' એવું માનીને કે 'દુનિયા સશસ્ત્ર ક્રાંતિઓથી કંટાળી ગઈ છે,'

એક સદી પછી સ્વરાજના આ ચાર સ્તંભો કેવી રીતે ટકી રહ્યા છે? જોકે, ગાંધીજીએ સ્વયં ક્યારેય સ્વતંત્ર ભારતીય રાજ્યની ફરજો અને જવાબદારીઓ પર વિચાર કર્યો ન હતો, આમ છતાં આપણે આશ્વાસનપૂર્વક કહી શકીએ કે, શાસનના ટીકાકારોને વર્ષો સુધી જેલમાં પૂરવા માટે અમલમાં મૂકાયેલા દંડાત્મક કાયદાઓ અને તેના બેફામ દુરુપયોગથી તેઓ ખૂબ જ નિરાશ થયા હોત. તેઓ ગૃહમંત્રી અને વડા પ્રધાન તેમ જ અસમ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ (અન્ય રાજ્યો સિવાય)ના મુખ્યમંત્રીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી ભાગલાવાળી ભાષા જોઈને તેઓ દુઃખી થયા હોત. બીજી બાજુ, અહિંસા પ્રત્યે એ સૈદ્ધાંતિક પ્રતિબદ્ધતાની પ્રશંસા કરતે, જે સીએએ વિરોધી દેખાવો, ખેડૂત આંદોલન, પર્યાવરણ આંદોલન અને તાજેતરમાં વિદ્યાર્થી આંદોલનમાં જોવા મળી. દલિતો અને મહિલાઓ માટે સમાન અધિકારો, અલ્પસંખ્યકો માટે સમાન અધિકારો, આર્થિક અને સામાજિક રીતે ન્યાયી તથા ટકાઉ આર્થિક મોડેલ, અને કરની અને કથનીમાં અહિંસાની સાધના-આ બધું સ્વતંત્રતા માટેની આવશ્યક શરતો છે. આજના ભારતમાં આ ચાર સ્તંભોમાંથી દરેક કમજોર થઈ ગયો છે, અને સરકાર તેમ જ ઘણા કિસ્સાઓમાં નાગરિકોનાં કૃત્યો દ્વારા પણ વધુ નબળો થયો છે. ગાંધીજીએ કલ્પના કરી હતી તે સ્વરાજની ઈમારત ભલે હજી કડડભૂસ થઈને પડી નથી ગઈ, પરંતુ તે મજબૂત કે સ્થિર પણ નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### સુરતની ઉડાનને કેમ લાગી બ્રેક?

હકીકતમાં હવે તો સુરતની પ્રગતિને કોઈની નજર લાગી હોય એવું લાગે છે. સુરત-ઉદયપુર વંદે ભારત ટ્રેન શરૂ થઈ ત્યારે સુરતીઓમાં ખુશી છવાઈ હતી, પરંતુ બીજી તરફ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટના આંતરરાષ્ટ્રીય ઉડાનના સપના હજુ અધૂરા છે. સુરત-દુબઈની સીધી ફ્લાઈટના સપના દિવાળીના તહેવારોમાં પણ સુરતીજનો માટે સપના જ રહ્યા. સુરત એરપોર્ટ અંગે દૈનિક અખબારો સતત રજૂઆતો અને હકીકતો પ્રકાશિત કરી રહ્યા છે. ગુજરાતમિત્રે પણ આ મુદ્દે વિસ્તારપૂર્વક વિગતો રજૂ કરી છે. હવે જરૂર છે કે સાંસદો અને અધિકારીઓ આ બાબતને ગંભીરતાથી ધ્યાને લે અને સુરત એરપોર્ટને માત્ર આશ્વાસનો નહીં, પરંતુ વાસ્તવિક ઉડાનો મળે. મુંબઈમાં હવામાન ખરાબ થતાં તાજેતરમાં 9 ફ્લાઈટ સુરત ડાયવર્ટ થઈ હતી. માત્ર બે કલાકમાં આટલી ફ્લાઈટનું સુરત એરપોર્ટ પર સફળતાપૂર્વક ઉતરાણ થયું, જે તેની ક્ષમતા દર્શાવે છે. રનવે અને અન્ય વ્યવસ્થા ઉપલબ્ધ હોવા છતાં નિયમિત ફ્લાઈટોની સંખ્યા અને આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી કેમ વધતી નથી, તે પ્રશ્ન છે. સાંસદ મુકેશભાઈ દલાલ, કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષસંઘવીએ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટને વધુ ધમધમતું કરવા માટે ગંભીરતાથી પ્રયાસો કરવા જરૂરી છે. સુરતના મુસાફરોને ફ્લાઈટ માટે અમદાવાદ કે મુંબઈ જવું પડે છે. જ્યારે સુરત પાસે પોતાની હવાઈ સેવા વિસ્તારવાની પૂરતી ક્ષમતા છે, આશા છે કે સુરત એરપોર્ટ ફરી ધમધમશે અને સુરતીજનોનાં સપનાં સાકાર થશે.

સુરત - ચેતન અમીન

### ગાંધી વિચારનું શ્રાદ્ધ

અત્યારે શ્રાદ્ધ પક્ષ ચાલી રહ્યો છે. કળિયુગમાં એવું લાગે છે કે અનેક લોકોએ ગાંધી વિચારનું પણ શ્રાદ્ધ કરી નાખ્યું છે. બીજી ઓક્ટોબરે દર વર્ષે ગાંધી જયંતીની ઉજવણી થાય છે, પરંતુ દુઃખ સાથે કહેવું પડે કે કેટલીક વ્યક્તિઓ મહાત્મા ગાંધીને નાયકમાંથી ખલનાયક બનાવવાના પ્રયત્નો કરે છે. ગાંધી માર્ગે થતાં અહિંસક આંદોલનો પણ નિષ્ફળ જઈ રહ્યા છે. 21મી સદીમાં પણ ગાંધીજી એટલા જ પ્રસ્તુત છે, પરંતુ તેમના ઉમદા વિચારો અને સિદ્ધાંતો જાણે કાગળ પર જ રહી ગયા હોય એવું લાગે છે. નેતાઓ પોતાના ભાષણોમાં ગાંધીજીના નામનો વારંવાર ઉલ્લેખ કરે છે, પરંતુ તેમના સત્ય, અહિંસા અને સાદાઈના વિચારોને જીવનમાં ઉતારતા નથી. રોજબરોજ છાપામાં આવતા ભ્રષ્ટાચાર, મારામારી અને લૂંટફાટના સમાચાર વાંચીને ગાંધીજી જાણે હાંસિયામાં ધકેલાઈ ગયા હોય એવું લાગે છે. આઝાદીના 79 વર્ષ પછી પણ આપણે સ્વચ્છ ભારત અભિયાન ચલાવવું પડે છે. ગાંધીજી તો સ્વચ્છતા અંગે કહેતા કે શૌચાલયને આપણા ડ્રોઈંગરૂમની જેમ સ્વચ્છ રાખવું જોઈએ. સાચી વાત એ છે કે આપણી અનેક સમસ્યાઓનું સમાધાન ગાંધી વિચારમાં રહેલું છે. ગાંધીજીએ કહ્યું હતું, "મને વિસરી જાવ, મારા નામને નહીં, પરંતુ તત્ત્વને વળગી રહેજો." આપણે તેમના વિચારો અને સિદ્ધાંતોને કેટલા અંશે વળગી રહ્યા છીએ, એ પ્રશ્ન આપણે પોતાની જાતને પૂછવાની જરૂર છે.

નવસારી - ડૉ. જે. એમ. નાયક

### અમૃતફળ આમળા

શિયાળાની ઋતુ એટલે સમગ્ર વર્ષ માટે તંદુરસ્તીનો સંગ્રહ કરવાની ઋતુ. અને એ ઋતુમાં પ્રાપ્ત થતું એક ઉપયોગી ફળ એટલે 'અમૃત ફળ આમળા', જે વિટામિન સીથી પ્રચૂર પ્રમાણમાં ધરાવે છે. આમળા યૌવનપ્રાપ્તિ માટે મહત્ત્વ ધરાવે છે. તે ઉપરાંત અનેક વ્યાધિ માટે આમળાનું સેવન વ્યાધિનિવારણ માટે ઉપયોગી છે. ત્વચા માટે, પાચનશક્તિ માટે, ઊર્જાપ્રાપ્તિ માટે, રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે, જખમ પર રૂઝ લાવવા માટે, આંખોની રોશની વધારવા માટે, ત્વચાની તમામ સમસ્યાઓ માટે વગેરે અનેક શારીરિક સમસ્યાઓ માટે આમળાનું સેવન લાભદાયી નીવડે છે. એના રસનું સેવન અતિલાભદાયી હોય છે. બહેનોને આથાણું આરોગવામાં વધુ રસ હોય છે, પણ એમાં વલણ (મીઠું)નું પ્રમાણ હોવાથી કંઈક અંશે એના સદ્ગુણ ઓછા થઈ શકે. આમળાનો મુરબ્બો આંખ માટે તથા આંતરિક ગરમી ઓછી કરવામાં મદદરૂપ નીવડી શકે. વિટામિન સી શરીર સંગ્રહી શકતું નથી. એટલે તાજા આમળાનો રસ વધુ ગુણકારી હોય છે. નારીના સૌંદર્ય માટે કેશવૃદ્ધિ આવશ્યક હોય છે. એ માટે પણ આમળા મહત્ત્વનું પરિબળ ગણી શકાય. ચ્યવન મુનિની શોધ ચ્યવનપ્રાશ પણ આરોગ્યપ્રદ છે, જે આમળા થકી જ બનાવાય છે. તો શિયાળામાં આમળાનો લાભ લઈ વાર્ષિક તંદુરસ્તીની પ્રાપ્તિ અવશ્ય કરી શકાય.

સુરત - નેહા શાહ

### મોંઘવારી ચરમશીમાએ

મોંઘવારી શબ્દ દરેક શાસકોના શાસનમાં ચર્ચાતો હોય છે. આજે મોંઘવારી ચરમસીમાએ છે એવું આપણે કહીએ છીએ, પરંતુ ભવિષ્યમાં આજની મોંઘવારી ભૂતકાળ બની જશે અને ત્યારે તે સસ્તી લાગશે. હાસ્યકાર શ્રી શાહબુદ્દીન રાઠોડના શબ્દો છે કે માણસનો વર્તમાનકાળ જ્યારે ખરાબ હોય ત્યારે તે ભૂતકાળને યાદ કરતો હોય છે. આપણા વર્તમાન સમયની મોંઘવારી નજીકના ભૂતકાળ કરતાં અનેક ગણી વધારે છે, પરંતુ આવનારા ભવિષ્યમાં લોકો આ મોંઘવારીને યાદ કરશે અને ત્યારે કહેશે કે ભૂતકાળ સસ્તો હતો! કહેવાનો આશય એટલો જ છે કે મોંઘવારી વધતી કદી અટકી નથી, તે સતત વધતી જ રહે છે અને તેનાથી અનાદિકાળથી ટેવાયેલો માણસ સતત વધતી મોંઘવારીને બેલેન્સ કરી જીવી રહ્યો છે. આ જ જીવનની એક મોટી હકીકત છે. આવક વધે છે તેમ ખર્ચ પણ વધતો જાય છે અને જરૂરિયાતોનું સ્વરૂપ બદલાતું રહે છે. જે વસ્તુઓ ક્યારેક વૈભવ ગણાતી હતી, તે આજે જીવનની સામાન્ય જરૂરિયાત બની ગઈ છે. તેથી મોંઘવારી માત્ર ભાવવધારો નથી, પરંતુ બદલાતી જીવનશૈલી સાથેનું સતત અનુકૂલન પણ છે.

સુરત - વિજય તુઈવાલા

### વ્હોટ્સએપ બેસણું

દરેક વ્યક્તિએ મોડા કે વહેલા જવાનું (મૃત્યુ) જ છે. માણસ ગમે તેટલી પ્રગતિ કરે, સૌથી આગળ નીકળે, પણ મૃત્યુને ક્યારેય પાછળ રાખી ન શકે. મૃત્યુ બિનસાંપ્રદાયિક છે. કાળા, ગોરા, પૈસાદાર, ગરીબ, અભણ કે ભણેલાનો ભેદ રાખતું નથી. સૌની રાખ તો રાખોડી! મોત ક્યારેય રિશ્વત નથી લેતું. મૃત્યુ નિશ્ચિત જ છે. આત્મા ન રહેતા દેહનું કોઈ મૂલ્ય નથી. વ્યક્તિ જીવતી હોય ત્યારે એના ગુણ ગવાતા નથી, કાળજી રખાતી નથી, કોઈ ફરકતું નથી. પ્રેમ, હૂંફની જરૂર હોય છે, જેના માટે તે વલખે છે. મૃત્યુ પછી મૃતદેહની આસપાસ ભીડ કરવાથી કે ગમે તે કરીએ, બધું નકામું છે. આ વાત ઘણાં સમજે છે. એનું ઉત્તમ ઉદાહરણ હાલ પ્રસિદ્ધ થયેલી એક વોટ્સએપ બેસણાની જાહેરાત છે. ઘણાને આવી જાહેરાતથી આઘાત લાગે છે, પણ આ વિચાર કેટલો ઉત્તમ છે! સામાજિક ક્રાંતિ કહો કે દૂર દૂર રહેતા સંબંધીઓ અને મિત્રોને પડનારી મુશ્કેલીઓનો વિચાર કહો, પણ સ્તુત્ય પગલું. કેટલાય લોકોનો સમય, શક્તિ અને ઈંધણ બચી શકે. મૃત્યુ પામેલ સ્વજન એમની સારી વાતો કે પ્રશંસા સાંભળવા હાજર જ નથી, ત્યારે સૌ ઘરેથી જ મૃતાત્મા માટે શાંતિની પ્રાર્થના કરે એ જ શ્રેષ્ઠ વિચાર.

સુરત - અરુણ પંડ્યા

### ગાંધીજીનું "મહાત્મા પણું' ઉભું કરેલું નહોતું...

એવો કોઈ દેશ નહીં હોય કે જે પોતાના સ્વાતંત્ર્યવીરોને, દેશ માટે ખપી ગયેલા મહાનુભાવોને પાછળથી ગાળોથી નવાજતો હોય. પરંતુ ભારતમાં છેલ્લા કેટલાક વર્ષોથી ગાંધીને વિલન અને ગોડસેને હીરો માનનારી માનસિકતા જોવા મળે છે. ગાંધીની હત્યા કરીને નથુરામ ગોડસે ઈતિહાસમાં જાણીતો થયો, બાકી તેના અસ્તિત્વની નોંધ પણ કદાચ ન લેવાત. ગાંધીના દેહને વીંધી શકે એવી ગોળી બની હતી, પરંતુ ગાંધીવિચારને વીંધી શકે એવી ગોળી આજે પણ બની નથી. મહાત્મા હોય એ જ માફી આપી શકે. ગાંધીજીના જીવનમાં અનેક વખત તેમના પર હુમલા અને હત્યાના પ્રયાસો થયા હતા. 20 જાન્યુઆરી, 1948ના રોજ પ્રાર્થનાસભા દરમિયાન બોમ્બ વિસ્ફોટ કરીને તેમની હત્યાનો પ્રયાસ થયો હતો. છતાં ગાંધીજી અહિંસા અને નિર્ભયતાના માર્ગેથી ડગ્યા નહોતા. 30 જાન્યુઆરીએ નથુરામ ગોડસેએ તેમની હત્યા કરી. આજે ગાંધીજીના વિચારો સાથે અસંમતિ હોઈ શકે, પરંતુ તેમને ગાળો આપવાથી ઈતિહાસ બદલાતો નથી. ગાંધીજીનું નામ ભૂંસવાના પ્રયાસો કરનારા કદાચ ભૂંસાઈ જશે, પરંતુ સત્ય, અહિંસા અને માનવતાના પ્રતીક તરીકે ગાંધીનું નામ ભારતના ઈતિહાસમાં હંમેશા ઝળહળતું રહેશે.

સુરત - પ્રેમ સુમેસરા